

# આહ્વાન

A Monthly Bulletin of Shahpur Methodist Church

**Address : Bahai Center, Shahpur, Ahmedabad 380 001.**

**Email : rev.arvindkhristi@gmail.com**
**Visit us at : www.shahpurmethodistchurch.com**

**Pastor : Rev. Arvind R. Khristi**
**Ph. : 079-25503545 (M) 9913070647**

**વર્ષ - ૫૩** **માર્ચ - ૨૦૨૪** **પત્ર - ૧૨૭**

## 'શુભસંદેશ' યોહાન ૫૩:૬

આપણે સર્વ ઘેટાંની પેઠે ભટકી ગયાં છીએ, દરેક પોતપોતાને માર્ગે વળી ગયો છે, અને યહોવાએ તેના પર આપણ સર્વના પાપ (નો ભાર) મુક્યો છે.

ઉપરોક્ત એક જ કલમની અંદર નિરાશા અને દુઃખની બાબત અને સાથે સારા અને આનંદના સમાચાર એટલે કે શુભસંદેશ પણ જોવા મળે છે. માણસ માટેના પ્રભુના પ્રેમ, કરુણા અને કૃપા જોવા મળે છે.

જગતનો સામાન્ય વ્યવહાર બદલો લેવાનો હોય છે. જૂના કરારમાં જણાવ્યું છે તે પ્રમાણે દાંતને બદલે દાંત અને આંખને બદલે આંખનો બદલો લેવો પરંતુ ઉપરોક્ત વચનની અંદર જે બાબત જોવા મળે છે તે એ છે કે માણસના પાપનો બદલો તેને આપવામાં આવતો નથી. પરંતુ પાપનો ભાર પ્રભુ ઈસુ પર મૂકવામાં આવે છે. પ્રભુનું વચન જણાવે છે કે તે આપણાં પાપ પ્રમાણે આપણી સાથે વર્ત્યો નથી, આપણા અન્યાયના પ્રમાણમાં તેણે આપણને બદલો વાળ્યો નથી. ગીતશાસ્ત્ર ૧૦૩:૧૦

માણસનો અન્યાય અને પાપ તો એ છે કે ઈશ્વરે જે હેતુ માટે તેને બનાવ્યો તેના બદલે તે પોતાના માર્ગે ભટકી જાય છે. યશાયા ૪૩:૭ અને ૨૧ મા વચનમાં જણાવ્યું છે તે પ્રમાણે દેવે મનુષ્યને તેના મહિમા અને સ્તુતિ માટે બનાવ્યું છે પરંતુ રોમનોને પત્ર ૧:૨૧ જણાવ્યું છે તે પ્રમાણે દેવને ઓળખીને દેવ તરીકે મહિમા આપ્યો નહિ. પોતાને પેદા કરનાર અને જન્મ આપનાર દેવને ભૂલી જાય છે. પુનર્નિયમ ૩૨:૧૮. આ રીતે માણસ પોતાના માર્ગે વળી અને ભટકી જાય છે. આ રીતે પ્રભુને વિસરી જઈ અને મહિમા નહિ આપવામાં પાપ કરે છે અને તેથી રૂમી ૩:૨૩ વચન પ્રમાણે સઘળા પાપમાં આવતા દેવના મહિમા વિશે અધૂરા રહે છે અને રૂમી ૬:૨૩ પ્રમાણે પાપના કારણે મરણ આવે છે. માણસ માટે આ બાબત ખૂબ જ દુઃખદાયક છે. રૂમી ૫:૯ પ્રમાણે દેવનો કોપ આવે છે. માણસ અનંતકાળિક નાશનો ભાગીદાર બને છે.

ઉપરોક્ત બાબતો જોતાં માણસ દેવના કોપના કારણે અનંતકાળીક નાશનો ભાગીદાર બને છે પરંતુ પ્રભુને માણસના નાશ-મોતથી આનંદ થતો નથી. તેથી માણસના બચાવ અને તારણ માટે ઉદ્ધારની યોજના કરે છે. આ યોજના પ્રમાણે યશાયા ૫૩:૬ પ્રમાણે પ્રભુએ સર્વના પાપનો ભાર પ્રભુ ઈસુ પર મૂક્યો એટલે કે સર્વના પાપ પોતાના માથે લઈ પ્રભુ ઈસુ એક જ વાર વધસ્તંભ પર મરણ પામ્યા એટલે કે પોતાનું જ બલિદાન આપ્યું. જે દુઃખ, વેદના અને મરણ માણસે વેઠવાનું હતું તે પ્રભુ ઈસુ વેઠે છે, અને પાપ ઉપર વિજય મેળવી સજીવન થાય છે. જે કોઈ પોતાના પાપોનો પસ્તાવો કરી પ્રભુ ઈસુ પર વિશ્વાસ કરે છે તેમના પાપ માફ થાય છે અને અનંતજીવન પ્રાપ્ત કરે છે. રોમન ૬:૨૩ જણાવે છે તે પ્રમાણે પાપનો મૂસારો મરણ છે; પણ આપણા પ્રભુ ઈસુ ખ્રિસ્તને આશરે દેવનું કૃપાદાન અનંતજીવન છે.

વ્હાલાઓ, માણસ માટે આ આનંદના સમાચાર એટલે કે શુભસંદેશ એટલે ગુડફ્રાઈડેનો સંદેશ છે.

શું આપણે આ સંદેશ ઉપર વિશ્વાસ કરી અનંતજીવનના ભાગીદાર બન્યા છીએ ?

**પ્રભુમાં વ્હાલા સર્વ સભ્યગણને ઈસ્ટરની પ્રેમી સલામ.**

## BIRTHDATE IN MARCH

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૩/૩ | ભારતીબેન એ. ક્રિશ્ચિયન | ૧૨/૩ | સુહાસીનીબેન ટી. રૂબી | ૨૬/૩ | મેરેલીન એન. ચૌહાણ |
| ૬/૩ | આલાપભાઈ જે. માસ્ટર | ૧૩/૩ | જીની જે. મેકવાન | ૨૯/૩ | કલ્પનાબેન વી. ક્રિસ્ટી |
| ૬/૩ | સુનિલભાઈ એસ. સોલંકી (USA) | ૨૩/૩ | જોય એ. ક્રિશ્ચિયન | ૨૯/૩ | સિલાસભાઈ જી. ચૌહાણ |
| ૮/૩ | રીટાબેન જે. કીન | ૨૪/૩ | સત્યવતીબેન વી. દાસ | ૩૧/૩ | નિલેશભાઈ આર. રાઠોડ |
| ૧૨/૩ | રીનાબેન જે. દાસ | ૨૫/૩ | ટવીંકલ વી. ક્રિસ્ટી | | |

**આ બુલેટીન છાપવાનો તમામ ખર્ચ પ્રભુ પ્રેમી એક દાતા તરફથી મળેલ છે.**

## ગત માસના કાર્ય તરફ દ્રષ્ટિપાત

- તા.૩-૨-૨૪ આમેન મેથોડિસ્ટ ચર્ચ લાંભામાં ડિસ્ટ્રીક્ટના પાળકોની પ્રાર્થના સંગત મળી. જેમાં માનનીય ડિ.સુ. રેવ. સ્મિતા રોઝિયા સાહેબ અને પાળકોએ હાજરી આપી. રેવ. શૈલેષભાઈ ક્રિશ્ચિયન સાહેબે વચનની સેવા આપી. સર્વ માટે ભોજનની વ્યવસ્થા કરવામાં આવી હતી.
- તા. ૪-૨-૨૪ રવિવારની ભજનસેવા ચલાવી, પ્રભુભોજન પળાવવામાં આવ્યું.
  શ્રી શેરીલ ક્રિશ્ચિયન અને શ્રીમતી યાચના ક્રિશ્ચિયનના લગ્ન જીવનના ૧૨ વર્ષ પૂર્ણ થતા હોવાથી તેઓ તરફથી ભજનસેવા બાદ સર્વ માટે કેક અને ચ્હાની વ્યવસ્થા કરવામાં આવી હતી. આભાર અને અભિનંદન.
- તા. ૭-૨-૨૪ મહિનાના પ્રથમ બુધવારે શ્રી પ્રશાંતભાઈ એસ. ક્રિશ્ચિયનના ઘરે ઈડન ગાર્ડનમાં સાંજે ૮-૦૦ ક. પ્રાર્થના સંગત રાખવામાં આવી હતી.
- તા. ૯-૨-૨૪ શુક્રવારની પ્રાર્થના સંગત સાંજે ૮-૦૦ કલાકે ચર્ચમાં મળી હતી.
- તા. ૧૧-૨-૨૪ રવિવારની ભજનસેવા ચલાવી. આરાધના સંબંધી વચન આપ્યું.
- તા. ૧૪-૨-૨૪ ભસ્મ બુધવારની મિટીંગ સાંજે ૮-૦૦ કલાકે ચર્ચમાં મળી હતી.
- તા. ૧૫-૨-૨૪ લેન્ટની બીજી મિટીંગ સાંજે ૮-૦૦ કલાકે શ્રી એન્થનીભાઈ એ. ક્રિશ્ચિયનના ઘરે ખાનપુરમાં મળી હતી. નાસ્તો અને ઠંડા પીણા આપવામાં આવ્યા હતા. આભાર.
- તા. ૧૭-૨-૨૪ લેન્ટની ચોથી મિટીંગ શ્રી પ્રશાંતભાઈ એસ. ક્રિશ્ચિયનના ઘરે ઈડન ગાર્ડનમાં મળી હતી. નાસ્તો અને ઠંડા પીણા આપવામાં આવ્યા હતા. આભાર.
- તા. ૧૮-૨-૨૪ રવિવારની ભજનસેવા સવારે ૯-૦૦ કલાકે ચર્ચમાં અને રાત્રે ૮-૦૦ કલાકે ચર્ચમાં લેન્ટની મિટીંગ ચલાવવામાં આવી હતી.
- તા. ૨૩-૨-૨૪ લેન્ટની ૧૦મી મિટીંગ ચર્ચમાં ચલાવવામાં આવી હતી. શ્રીમતી રોઝમેરી એ. ખ્રિસ્તીનો જન્મદિવસ હોવાથી પાળક કુટુંબ તરફથી સર્વને કેક અને નાસ્તો આપવામાં આવ્યો હતો.
- તા. ૨૪-૨-૨૪ લેન્ટની ૧૧મી મિટીંગ ચર્ચમાં શ્રી નિલેષભાઈ બી. પરીખ તરફથી તેમની દીકરી અમીષાના જન્મદિવસ પ્રસંગે રાખી હતી. કુટુંબ તરફથી નાસ્તો આપવામાં આવ્યો હતો. આભાર.
- તા. ૨૫-૨-૨૪ રવિવારની ભજનસેવા ચલાવવામાં આવી હતી. આ ભજનસેવામાં શ્રીમતી ડોરોથીબેન જે. દાસ ન્યુઝીલેન્ડ જતા હોવાથી ચર્ચ તરફથી બુકે આપી શુભેચ્છા આપવામાં આવી હતી.અભિનંદન
  બપોરે ૨-૦૦ થી ૪-૦૦ ડિસ્ટ્રીક્ટની પ્લાનિંગ મિટીંગ અને ૪-૦૦ થી ૭-૦૦ ડિસ્ટ્રીક્ટની સન્ડેસ્કૂલ યુનિયનની મિટીંગ ડિ.સુ. રેવ. સ્મિતાબેન રોઝિયા સાહેબના પ્રમુખપણા હેઠળ મેથોડિસ્ટ ચર્ચ, શાહપુરમાં રાખવામાં આવી હતી.
  મેથોડિસ્ટ ચર્ચ શાહપુર તરફથી સર્વ માટે ચ્હા-નાસ્તાની વ્યવસ્થા કરવામાં આવી હતી. આભાર.
  શ્રીમતી કલ્પનાબેન વી. ક્રિસ્ટીના ઘરે શાહીબાગમાં લેન્ટની ૧૨મી મિટીંગ રાખવામાં આવી હતી. નાસ્તો અને ઠંડાપીણાની વ્યવસ્થા કરવામાં આવી હતી. આભાર.
- તા. ૨૬-૨-૨૪ લેન્ટની ૧૩મી મિટીંગ શ્રી ફ્રાન્સિસભાઈ વી. ગોહેલના ઘરે શાહીબાગમાં રાખવામાં આવી હતી. નાસ્તો અને ઠંડા પીણાની વ્યવસ્થા કરવામાં આવી હતી. આભાર.
- તા. ૨૭-૨-૨૪ લેન્ટની ૧૪મી મિટીંગ શ્રીમતી ઉષાબેન એમ. રાઠોડ તરફથી ચર્ચમાં રાખવામાં આવી હતી. નાસ્તાની વ્યવસ્થા કરવામાં આવી હતી આભાર.

## પાળક દ્વારા મળેલા બર્થ ડે અને આભારસ્તુતિના દાનો

| | | | |
|---|---|---|---|
| ૧. | શ્રીમતી આશાબેન સી. વરસડા | બર્થડે | ૫૦૦ |
| ૨. | કુ. વાયોલેટબેન વી. ક્રિશ્ચિયન | બર્થડે | ૫૦૦ |
| ૩. | શ્રી/શ્રીમતી શેરીલ આર. ક્રિશ્ચિયનના લગ્નના ૧૨ વર્ષ પૂર્ણ થતાં લગ્ન દિવસનું દાન | લ.દિવસ | ૧૨૦૦ |
| ૪. | કુ. પ્રિયંકા એન. ક્રિશ્ચિયન | બર્થડે | ૨૦૦ |
| ૫. | શ્રીમતી પ્રિયલ રાહુલ રાનીગા | લ.દિ. | ૨૦૦ |
| ૬. | શ્રી કેનેથ એફ. ટેલર | બર્થડે | ૫૦૦ |
| ૭. | કુ. સિલીયાબેન એસ. મેકવાન | આ.સ્તુ. | ૧૦૦૦ |
| ૮. | કુ. ક્રિસ્ટીના એફ. ગોહેલ જી.એન.એમ. પ્રથમ વર્ષમાં પ્રથમ રેન્કમાં પાસ થવાથી | આ.સ્તુ. | ૫૦૦ |
| ૯. | શ્રીમતી માગ્રેટબેન ડબલ્યુ. ક્રિશ્ચિયન | આ.સ્તુ. | ૫૦૦૦ |
| ૧૦. | જેક એસ. રાઠોડ | બર્થડે | ૩૦૦ |
| ૧૧. | શ્રીમતી મોનિકાબેન એસ. ડેવિડ | બર્થડે | ૫૦૦ |
| ૧૨. | શ્રી પ્રશાંતભાઈ એસ. ક્રિશ્ચિયન | લે.મિ. | ૫૦૦ |
| ૧૩. | શ્રી/શ્રીમતી ઓલ્ડ્રીચ ઓ. ગામડિયા લગ્નનું ૧ વર્ષ પૂર્ણ થતાં | લ.દિ. | ૫૦૦ |
| ૧૪. | શ્રી નોએલ એસ. ક્રિસ્ટી | બર્થડે | ૨૦૦ |
| ૧૫. | કુ. અમીષા એન. પરીખ | બર્થડે | ૨૦૦ |
| ૧૬. | શ્રીમતી કલ્પનાબેન વી. ક્રિસ્ટી | આ.સ્તુ. | ૫૦૦૦ |
| ૧૭. | શ્રીમતી કલ્પનાબેન વી. ક્રિસ્ટી | લે.મિ. | ૧૦૦૦ |
| ૧૮. | શ્રી કોલિન એ. ક્રિશ્ચિયન | બર્થડે | ૫૦૦ |
| ૧૯. | શ્રી ફ્રાન્સિસભાઈ વી. ગોહેલ | લે.મિ. | ૨૫૦ |
| ૨૦. | શ્રી/શ્રીમતી ફ્રાન્સિસભાઈ વી. ગોહેલ | લ.દિ. | ૨૫૦ |
| ૨૧. | શ્રીમતી ડોરોથીબેન જે. દાસ | આ.સ્તુ. | ૧૦૦૦ |

### જાહેરાતો

૧. ૪૦ દિવસોની મિટીંગોમાં હાજરી આપશો અને પ્રાર્થના કરશો.
૨. તા. ૭-૪-૨૪ રવિવારે ભજનસેવા બાદ ૨ શમૂએલ ૧ થી ૧૨ અધ્યાય પ્રમાણે લેખિત બાઈબલ ક્વીઝમાં ભાગ લેશો અને તૈયારી કરશો.
૩. તા. ૨૪-૩-૨૪ થી ૩૧-૩-૨૪ દરમિયાન થનાર દુઃખ સહન સપ્તાહની મિટીંગોમાં સાંજે ૭-૩૦ કલાકે સી.એન.આઈ. ચર્ચ કંપાઉન્ડ, રાયખડમાં હાજરી આપશો.
૪. તા. ૩૧-૩-૨૪ નાણાંકીય વર્ષ પૂર્ણ થાય છે જેથી આપના દાનો કારભારીશ્રીઓને જમા કરાવશો.
૫. ચર્ચની સેવાઓને આપની પ્રાર્થનામાં યાદ કરશો.

## નાણાંકીય અહેવાલ જાન્યુઆરી - ૨૦૨૪

| | | |
|---|---|---|
| **તા.૧-૧-૨૪ની ઉઘડતી સિલક** | | |
| | **રોકડ** | **૨૦૩૯૫.૮૮** |
| | **બેંક** | **૯૭૮૧૬૨.૫૯** |
| **તા.૩૧-૧-૨૪ સુધીની** | **આવક** | **૨૨૪૬૧૫.૦૦** |
| | **કુલ** | **૧૨૨૩૧૭૩.૪૭** |
| **તા.૩૧-૧-૨૪ની બંધ સિલક** | | |
| | **રોકડ** | **૬૧૯૨.૮૮** |
| | **બેંક** | **૧૦૪૫૦૯૬.૫૯** |
| **તા.૩૧-૧-૨૪ સુધીનો** | **ખર્ચ** | **૧૭૧૮૮૪.૦૦** |
| | **કુલ** | **૧૨૨૩૧૭૩.૪૭** |

**શ્રી મનોજકુમાર સી. ચૌહાણ, ટ્રેઝરર**